સ્પર્ધાત્મક પરીક્ષાના ટોપર્સ વિદ્યાર્થીઓ માટેનું નં. 1 મેગેઝિન

# ICE® MAGIC

## CURRENT AFFAIRS


ACTION TO FINAL SELECTION

ગુજરાત સરકારની આવનારી CLASS 1/2/3ની તમામ ભરતીઓ માટે

ફ્રી સેમિનાર

05/05/2019, રવિવાર, સવારે 9:30 વાગ્યે

હેમુ ગઢવી હોલ, રાજકોટ.

સેમિનારમાં ઉપસ્થિત રહેનાર સર્વે વિદ્યાર્થી મિત્રોને

છેલ્લા એક વર્ષનું કરન્ટ અફેર્સનું મટીરિયલ્સ ફ્રી



ફ્રી પાસ મેળવવાનું સ્થળ : સદ્દગુરૂ કોમ્પલેક્ષ, સ્વામિનારાયણ મંદિર પાસે, કાલાવડ રોડ, રાજકોટ. M.93773-01110



સંપાદક

મૌલિક ગોંધિયા

(Director - ICE)


[Apr-2019]

[21/04 to 27/04]

# WEEK-17

## CURRENT TOPIC

- ભારતના સ્વદેશી બનાવટના જહાજ INS IMPHALનું જલાવતરણ
- વર્ષ 2018-19 માટે EPF પર વ્યાજ દર 8.65 ટકા
- RBI રૂ.20ની નવી નોટ ચલણમાં મૂકશે
- ભારતમાંથી મેલેરિયાના ઉન્મૂલન માટે ‘ MERA India’ અભિયાન લોન્ચ
- શ્રીલંકાના ઈતિહાસના સૌથી મોટા આતંકી હુમલામાં 380થી વધુના મોત
- ઈન્ટરનેશનલ ફલીટ રિવ્યુ 2019

## 21 APRIL, 2019 SUNDAY

## ➤ દિવસ મહિમા : 21 એપ્રિલ, નેશનલ સિવિલ સર્વિસ ડે

ભારતમાં નાગરિક સેવા સાથે સંકળાયેલા અધિકારીઓના કાર્ય અને પ્રયત્નોને પ્રોત્સાહન આપવા અને તેને બિરદાવવા માટે દર વર્ષે 21 એપ્રિલના રોજ 'નેશનલ સિવિલ સર્વિસ ડે'ની ઉજવણી કરવામાં આવે છે.

- આ દિવસની ઉજવણી નિમિત્તે પબ્લિક એડમિનિસ્ટ્રેશનમાં ઉત્કૃષ્ટતા માટે વર્ષ 2006થી દર વર્ષે ત્રણ કેટેગરીમાં પ્રધાનમંત્રી એવોર્ડ પણ એનાયત કરવામાં આવે છે.
- આ દિવસે એટલે કે 21 એપ્રિલ, 1947ના રોજ શ્રી સરદાર વલ્લભભાઇ પટેલે નવી દિલ્હીના મેટકાફ હાઉસમાં ઓલ ઈન્ડિયા એડમિનિસ્ટ્રેટિવ સર્વિસ ટ્રેનિંગ સ્કુલના પ્રોબેશનરી અધિકારીઓને ઐતિહાસિક સંબોધન કર્યું હતું.

## ➤ ભારતના સ્વદેશી બનાવટના મિસાઈલ વિધ્વંશક જહાજ INS IMPHALનું જલાવતરણ



20 એપ્રિલ 2019ના રોજ ભારતીય નેવી દ્વારા ભારતમાં નિર્મિત ગાઈડેડ મિસાઈલ ડિસ્ટ્રોયર જહાજ INS ઈમ્ફાલનું જલાવતરણ કરવામાં આવ્યું છે.

- ભારતમાં મુંબઈ ખાતે આવેલા મઝગાંવ ડોકયાર્ડ ખાતેથી આ જહાજનું જલાવતરણ કરવામાં આવ્યું છે.

### INS IMPHALની વિશેષતા

INS ઈમ્ફાલ એ મેક ઈન ઈન્ડિયા અંતર્ગત નિર્માણ પામેલું સ્વદેશી બનાવટનું યુદ્ધ જહાજ છે.

- ભારતીય નેવીના ડિરેક્ટોરેટ ઓફ નેવલ ડિઝાઇન દ્વારા તેની ડિઝાઈન તૈયાર કરવામાં આવી છે.
- દુશ્મન દેશોની ગાઈડેડ મિસાઈલનો નાશ કરવા માટે તથા તેનાથી બચવા માટે પણ આ જહાજ સક્ષમ છે. તેની સ્પીડ 30 નોટિકલ માઈલ છે.
- આ જહાજ પોતાની સાથે બે મલ્ટિફંક્શનલ હેલિકોપ્ટર લઈ જવા માટે પણ સક્ષમ છે.
- તે અત્યાધુનિક હથિયારો અને સેન્સરથી સજ્જ છે. તેમાં વર્ટિકલી લોન્ચ મિસાઈલ સિસ્ટમ હોવાથી તે દૂર સુધીના કિનારા, સમુદ્ર અને હવામાં પણ લક્ષ્ય સાધી શકે છે.
- ભારતીય સમુદ્ર તટના રક્ષણ તેમજ છૂપાઈને દૂશ્મનો પર પ્રહાર કરવા માટે આ જહાજ ખૂબ જ ઉપયોગી છે.
- આ જહાજનું નિર્માણ પ્રોજેક્ટ 15B અંતર્ગત કરવામાં આવ્યું છે. 2021થી 2023 સુધીમાં તેને નેવીમાં સામેલ કરવામાં આવે તેવી સંભાવના છે.

### પ્રોજેક્ટ 15B

INS ઈમ્ફાલ એ પ્રોજેક્ટ 15B અંતર્ગત નિર્માણ પામેલું ભારતનું ત્રીજું જહાજ છે.

- આ અગાઉ પ્રોજેક્ટ 15B અંતર્ગત 20 એપ્રિલ, 2015ના રોજ INS વિશાખાપટ્ટનમ નામનું પ્રથમ જહાજ લોન્ચ કરવામાં આવ્યું હતું.
- ત્યારબાદ 17 સપ્ટેમ્બર, 2016ના રોજ INS મોર્મુગાઓ નામનું બીજું જહાજ આ પ્રોજેક્ટ અંતર્ગત લોન્ચ થયું હતું.
- પ્રોજેક્ટ 15B અંતર્ગત ભારતમાં મુંબઈ ખાતે આવેલ મઝગાંવ ડોક લિમિટેડ દ્વારા કુલ 4 જહાજોનું નિર્માણ કરવાનું આયોજન છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EX

- આ અંતર્ગ નિર્માણ પામનાર ચોથા જહાજનું નામ INS પોરબંદર છે.
- પ્રોજેક્ટ 15Bને 'વિશાખાપટ્ટનમ ક્લાસ' તરીકે પણ ઓળખવામાં આવે છે.

**પ્રોજેક્ટ 15B (અથવા તો વિશાખાપટ્ટનમ ક્લાસ) અંતર્ગત જહાજો**

| ક્રમ | નામ | લોન્ચ |
|---|---|---|
| 1 | INS વિશાખાપટ્ટનમ | 20 એપ્રિલ, 2015 |
| 2 | INS મોર્મુગાઓ | 17 સપ્ટેમ્બર, 2016 |
| 3 | INS ઈમ્ફાલ | 20 એપ્રિલ, 2019 |
| 4 | INS પોરબંદર | – |

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

**નોંધ :** (1) પ્રોજેક્ટ 15B અંતર્ગતના તમામ યુદ્ધ જહાજો ગાઈડેડ મિસાઈલોનો નાશ કરવા માટે સક્ષમ છે અને આધુનિક હથિયારોથી સજ્જ છે.

(2) ભારતમાં નિર્માણ પામતા વિનાશક હથિયારો તથા યુદ્ધ જહાજોને પરંપરાગત રીતે કોઈ રાજ્યની રાજધાની અથવા તો શહેરનું નામ આપવામાં આવે છે.

(3) INS ઈમ્ફાલમાં INSનું પૂરું નામ 'Indian Navy Ship' છે.

આર્થિક સમૃદ્ધિ, સામાજિક પ્રતિષ્ઠા સલામત
નોકરીની સંયુક્ત કારકિર્દી એટલે જ ગુજરાત સરકાર
ગુજરાત સરકારની તમામ ભરતીઓ માટે
ફ્રી
બપોરે
સાંજે
DEMO
LECTURE
જનરલ
બેચ
2012 - 18
1237+
સફળ ઉમેદવાર
32+ Weekly
Test
MEGA TEST SERIES ON
OMR SHEET
આપની સફળતાને નિશ્ચિત કરતી
'સ્પેશિયલ બેચ'
10 Mega Test Paper

## ICE Questions

1. ભારતમાં 'નેશનલ સિવિલ સર્વિસ ડે' તરીકે કયો દિવસ ઉજવાય છે ?
(A) 20 એપ્રિલ (B) 21 એપ્રિલ (C) 22 એપ્રિલ (D) 23 એપ્રિલ — **(B)**

2. તાજેતરમાં 20 એપ્રિલ, 2019ના રોજ ભારતના સ્વદેશી બનાવટના કયા યુદ્ધ જહાજનું જલાવતરણ (અથવા તો લોન્ચિંગ) કરવામાં આવ્યું છે ?
(A) INS વિક્રાંત (B) INS વિશાખાપટ્ટનમ (C) INS અગરતલા (D) INS ઈમ્ફાલ — **(D)**

3. 20 એપ્રિલ, 2019ના રોજ ભારતના સ્વદેશમાં નિર્મિત મિસાઈલ વિધ્વંશક યુદ્ધ જહાજ INS ઈમ્ફાલને કયાંથી લોન્ચ કરવામાં આવ્યું છે ?
(A) મઝગાંવ ડોક યાર્ડ, વિશાખાપટ્ટનમ (B) મઝગાંવ ડોક યાર્ડ, ઈમ્ફાલ
(C) મઝગાંવ ડોક યાર્ડ, મુંબઈ (D) મઝગાંવ ડોક યાર્ડ, મોર્મુગાઓ — **(C)**

4. ભારત દ્વારા તાજેતરમાં લોન્ચ કરવામાં આવેલ યુદ્ધ જહાજ INS ઈમ્ફાલનું નિર્માણ કયા પ્રોજેકટ અંતર્ગત થયું છે ?
(A) 15A (B) 15B (C) 15C (D) 15D — **(B)**

5. INS ઈમ્ફાલ કયા ક્લાસનું યુદ્ધ જહાજ છે ?
(A) કોલકાતા (B) માર્મુગાઓ (C) વિશાખાપટ્ટનમ (D) ગોવા — **(C)**

6. ભારત દ્વારા તાજેતરમાં લોન્ચ કરવામાં આવેલું INS ઈમ્ફાલ પ્રોજેકટ 15B અંતર્ગત લોન્ચ થયેલું કેટલામું જહાજ છે ?
(A) પહેલું (B) બીજું (C) ત્રીજું (D) ચોથું — **(C)**

7. પ્રોજેકટ 15B અંતર્ગત અત્યાર સુધીમાં ભારતમાં ત્રણ જહાજો લોન્ચ કરવામાં આવ્યા છે...આ પ્રોજેકટ અંતર્ગત લોન્ચ થયેલા ત્રણ જહાજોમાં નીચેનામાંથી કયા જહાજનો સમાવેશ થતો નથી ?
(A) INS પોરબંદર (B) INS ઈમ્ફાલ (C) INS મોર્મુગાઓ (D) INS વિશાખાપટ્ટનમ — **(A)**

ICE® INSTITUTE FOR COMPETITIVE EXAMS

આપની તૈયારીને શ્રેષ્ઠ બનાવવા અમે લાવ્યા છીએ........

Daily Test Paper
WITH OMR SHEET

તલાટી / બિનસચિવાલય પેપર
(દરરોજ 1 પેપર)

તલાટી / બિનસચિવાલયની પેપર પ્રેક્ટીસ માટે
દરરોજ એક પેપર Download કરવા
ICEની Authentic Telegram ચેનલ આજે જ JOIN કરો
t.me/icerajkotofficial

Download From Here
t.me/icerajkotofficial | icerajkot | icerajkot | icerajkot.in

ICE® INSTITUTE FOR COMPETITIVE EXAMS

**22 APRIL, 2019 MONDAY**

## ➢ દિવસ મહિમા : 22 એપ્રિલ, વિશ્વ પૃથ્વી દિવસ (World Earth Day)




પર્યાવરણ સંરક્ષણના સમર્થન માટે સમગ્ર વિશ્વમાં દર વર્ષે **22 એપ્રિલ**ના રોજ **'વિશ્વ પૃથ્વી દિવસ'**ની ઉજવણી કરવામાં આવે છે.

- તેની ઉજવણીનો પ્રારંભ 1970થી થયો હતો.
- 'વિશ્વ પૃથ્વી દિવસ'ની ઉજવણીનો પ્રારંભ **શ્રી જેરાલ્ડ નેલ્સન** નામના **અમેરિકા**ના સેનેટર દ્વારા 'પર્યાવરણ શિક્ષણ'ના રૂપમાં કરવામાં આવ્યો હતો.
- **અર્થ ડે નેટવર્ક** દ્વારા જાહેર કરવામાં આવેલી વર્ષ 2019ની વિશ્વ પૃથ્વી દિવસની થીમ **'Protect our Species' (અમારી પ્રજાતિઓને બચાવો)** છે.

**નોંધ :** (1) સમગ્ર વિશ્વમાં દર વર્ષે 22 એપ્રિલ 'World Earth Day' ઉપરાંત 'International Mother Earth Day' તરીકે પણ ઉજવાય છે.

(2) સમગ્ર વિશ્વમાં 22 એપ્રિલ 'પૃથ્વી દિવસ' તરીકે ઉજવાય છે, જ્યારે અમેરિકામાં તેને 'વૃક્ષ દિવસ' તરીકે ઉજવવામાં આવે છે.

(3) 22 એપ્રિલ, 2016ને 'વિશ્વ પૃથ્વી દિવસ'ના રોજ વિશ્વના કુલ 122 દેશો દ્વારા પર્યાવરણ સંરક્ષણ માટે ઐતિહાસિક 'પેરિસ સમજૂતી' પર હસ્તાક્ષર કરવામાં આવ્યા હતા.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## ➢ શ્રીલંકાના ઈતિહાસના સૌથી મોટા આતંકી હુમલામાં 380થી વધુના મોત



21 એપ્રિલ, 2019ના રોજ **શ્રીલંકા**માં થયેલા 8 **શ્રેણીબદ્ધ બોમ્બ વિસ્ફોટ**માં આશરે 380થી વધુ લોકોના મોત થયા છે અને 500થી વધુ લોકો ઘાયલ થયા છે.

- મૃતકોમાં ભારત, અમેરિકા, બ્રિટન સહિત 37થી વધુ વિદેશી નાગરિકોનો સમાવેશ થાય છે.

**શ્રીલંકામાં કયા સ્થળે આ બોમ્બ વિસ્ફોટ થયા હતા ?**

- શ્રીલંકામાં થયેલા આ 8 બોમ્બ બ્લાસ્ટમાંથી શ્રીલંકાની રાજધાની **કોલંબો**ની **ત્રણ ફાઈવ સ્ટાર હોટલ** પર અને સમગ્ર શ્રીલંકાના **ત્રણ ચર્ચ**માં થયેલા બોમ્બ વિસ્ફોટ સહિત અન્ય બે સ્થળોએ થયેલા વિસ્ફોટોનો સમાવેશ થાય છે.
- જેમાં શ્રીલંકાના **સેન્ટ એન્થોની, સેન્ટ સેબેસ્ટિયન અને ઝીઓન ચર્ચ**માં **ઈસ્ટર સન્ડેની ઉજવણી દરમિયાન** પ્રાર્થનાસભામાં આ વિસ્ફોટ થયા હતા.
- આ ઉપરાંત **કોલંબો**ની જે ત્રણ ફાઈવ સ્ટાર હોટલોમાં આ વિસ્ફોટ થયા હતા તે હોટલોના નામ – **શાંગરી-લા, સિનમોન ગ્રાન્ડ અને કિંગ્સબેરી હોટલ** છે.

ICE RAJKOTની નવી Authentic Telegram ચેનલ t.me/icerajkotofficial આજે જ JOIN કરો.

## આ હુમલો કોણે કર્યો હતો ?

તાજેતરમાં ન્યુઝીલેન્ડના ક્રાઈસ્ટ ચર્ચ નામના શહેરની એક મસ્જિદ પર થયેલા હુમલાના પ્રતિભાવ તરીકે શ્રીલંકામાં આ હુમલો થયો હોવાનું માનવામાં આવે છે.

- ઈસ્લામિક સ્ટેટના ન્યૂઝ પોર્ટલ 'અમાક'માં કરાયેલા દાવા અનુસાર IS (ઈસ્લામિક સ્ટેટ)ના આતંકીઓએ આ હુમલા કર્યા હતા.
- જોકે, ISના આ દાવાને હજુ સુધી પુષ્ટિ મળી નથી.
- શ્રીલંકાના સંરક્ષણ દળોના જણાવ્યા અનુસાર સ્થાનિક શ્રીલંકન સંગઠનના સહયોગથી કોઈ આંતરરાષ્ટ્રીય નેટવર્ક દ્વારા આ હુમલાઓ થયા હોવાની સંભાવના છે.

## શ્રીલંકામાં કટોકટી

આ હુમલા બાદ શ્રીલંકામાં કટોકટી લાદવામાં આવી છે.

- શ્રીલંકામાં ફક્ત રાષ્ટ્રપતિ જ કટોકટી લાદી શકે છે.
- અને રાષ્ટ્રપતિના આ નિર્ણય અંગે ન્યાયિક સમીક્ષા થઈ શકતી નથી.
- રાષ્ટ્રપતિની જાહેરાત બાદ તેને 14 દિવસમાં સંસદની મંજૂરી મળવી જરૂરી છે.
- જો સંસદની મંજૂરી ન મળે તો મહિનાના અંત સુધીમાં કટોકટી રદ થઈ જાય છે.

**નોંધ :** (1) શ્રીલંકાના વર્તમાન (22 એપ્રિલ, 2019ની સ્થિતિએ) રાષ્ટ્રપતિનું નામ શ્રી મૈત્રિપાલ સિરિસેના છે.
(2) શ્રીલંકાના વર્તમાન (22 એપ્રિલ, 2019ની સ્થિતિએ) વડાપ્રધાન શ્રી રાનિલ વિક્રમસિંઘે છે.
(3) શ્રીલંકાની રાજધાની કોલંબો અને તેનું ચલણ શ્રીલંકન રૂપિયા (Sri Lankan rupee) છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

રાષ્ટ્રીયકૃત બેંકોમાં આવનારી વિશાળ ભરતી...

IBPS PO/ CLERK | SBI Junior Associates

735+ PASS

1,00,000+
UPCOMING VACANCY IN 2019

નવી બેચ | 30-04-2019 Evening

અમને વિશ્વાસ છે, આપ પણ બેંક ઓફિસર બની શકો છો...

ICE PROVIDES...

- New Exam Cracking Strategy & Winning Policy
- Daily Time Management Practice
- Master Shortcut Tricks & Techniques
- Updated Study Materials
- One to One Analysis
- Online Test Paper Practice (Topic Wise / Section Wise)
- Expert & Experienced Faculties
- Skill Wise Preparation(Basic/Moderate/Upper)
- FREE Interview Guidance For P.O.
- Weekly Class Test Paper

ICE Questions

1. 'વિશ્વ પૃથ્વી દિવસ' (World Earth Day) અથવા તો 'International Mother Earth Day' તરીકે કયો દિવસ ઉજવાય છે ?
(A) 20 એપ્રિલ (B) 21 એપ્રિલ (C) 22 એપ્રિલ (D) 23 એપ્રિલ **(C)**

2. 'વિશ્વ પૃથ્વી દિવસ'ના સંદર્ભમાં નીચેનામાંથી કયું/કયા વિધાનો સાચા છે ?
1. તેની ઉજવણીનો પ્રારંભ 1970થી થયો હતો.
2. શ્રી જેરાલ્ડ નેલ્સન નામના ઓસ્ટ્રેલિયાના સેનેટર દ્વારા તેની ઉજવણીનો પ્રારંભ કરવામાં આવ્યો હતો.
Ans. (A) 1 અને 2 (B) ફક્ત 1 (C) ફક્ત 2 (D) એક પણ નહીં **(B)**

3. અર્થ ડે નેટવર્ક દ્વારા જાહેર કરવામાં આવેલી વર્ષ 2019ની 'વિશ્વ પૃથ્વી દિવસ'ની થીમ શું છે ?
(A) End Plastic Pollution (B) Environmental and Climate Literacy
(C) Trees for the Earth (D) Protect Our Species **(D)**

4. તાજેતરમાં શ્રીલંકામાં કયા તહેવારની ઉજવણી દરમિયાન શ્રેણીબદ્ધ બોમ્બ વિસ્ફોટ થયા હતા ?
(A) Esala Perahera (B) Esala Full Moon Poya
(C) Patti Pongal (D) Easter Sunday **(D)**

5. 21 એપ્રિલ, 2019ના રોજ શ્રીલંકામાં જુદા જુદા 8 સ્થળોએ શ્રેણીબદ્ધ બોમ્બ વિસ્ફોટ થયા હતા... આ 8 સ્થળોમાં નીચેનામાંથી કયા સ્થળનો સમાવેશ થતો નથી ?
(A) શ્રીલંકાના ત્રણ ચર્ચમાં (B) કોલંબોના બે થિયેટરમાં
(C) કોલંબોની ત્રણ ફાઈવ સ્ટાર હોટલમાં (D) ઉપરોક્ત ત્રણેય સ્થળોએ આ હુમલા થયા હતા. **(B)**


ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## 23 APRIL, 2019 TUESDAY

## ➤ દિવસ મહિમા : 23 એપ્રિલ, વિશ્વ પુસ્તક દિવસ તથા અંગ્રેજી ભાષા દિવસ

પુસ્તકના વાંચન, પબ્લિકેશન અને કોપી રાઈટને પ્રોત્સાહન આપવા માટે UNESCO દ્વારા 23 એપ્રિલના રોજ વિશ્વ પુસ્તક દિવસની ઉજવણી કરવામાં આવે છે.

- વિશ્વ પુસ્તક દિવસને **'વિશ્વ પુસ્તક અને કોપી રાઈટ દિવસ'** અથવા તો **'આંતરરાષ્ટ્રીય પુસ્તક દિવસ'** તરીકે પણ ઓળખવામાં આવે છે.
- UNESCO દ્વારા સૌપ્રથમ 23 એપ્રિલ, 1995ના રોજ વિશ્વ પુસ્તક દિવસની ઉજવણી કરવામાં આવી હતી.
  - 23 એપ્રિલ **શ્રી વિલિયમ શેક્સપીયર** અને **શ્રી ઈન્કા ગ્રેસિલસો દે લા વેગા**ની મૃત્યુની તિથિ છે. આ ઉપરાંત તે અનેક પ્રસિદ્ધ સાહિત્યકારોના જન્મ તથા મૃત્યુ તિથિ સાથે સંકળાયેલી છે. આથી 23 એપ્રિલના રોજ 'વિશ્વ પુસ્તક દિવસ'ની ઉજવણી કરવામાં આવે છે.




**નોંધ :** (1) યુનેસ્કો દ્વારા વર્ષ 2019ના વર્લ્ડ બુક કેપિટલ સિટી તરીકે યુનાઈટેડ આરબ અમિરાત (UAE)ના શારજાહ નામના શહેરની જાહેરાત કરવામાં આવી છે.

(2) આ અગાઉ ગ્રીસનું એથેન્સ વર્ષ 2018નું વર્લ્ડ બુક કેપિટલ સિટી હતું.

(3) અને વર્ષ 2020 માટે મલેશિયાના કુઆલા લુમ્પુરને વર્લ્ડ બુક કેપિટલ સિટી જાહેર કરવામાં આવ્યું છે.

**World Book Capital Cities**

| વર્ષ | શહેર | દેશ |
|---|---|---|
| 2018 | એથેન્સ | ગ્રીસ |
| 2019 | શારજાહ | UAE |
| 2020 | કુઆલા લુમ્પુર | મલેશિયા |

## અંગ્રેજી ભાષા દિવસ

સમગ્ર વિશ્વમાં 23 એપ્રિલ 'અંગ્રેજી ભાષા દિવસ' તરીકે પણ ઉજવાય છે.

- 23 એપ્રિલ શ્રી વિલિયમ શેક્સપીયરની જન્મ તિથિ તથા મૃત્યુ તિથિ હોવાથી આ દિવસને 'અંગ્રેજી ભાષા દિવસ' તરીકે ઉજવવામાં આવે છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

ગુજરાત સરકારની તલાટી-મંત્રી, જુનિયર ક્લાર્ક, મુખ્ય સેવિકા, બિનસચિવાલય ક્લાર્ક, નાયબ ચીટનીશ, કમ્પાઉન્ડર, વિસ્તરણ અધિકારી, સંશોધન મદદનીશ જેવી સ્પર્ધાત્મક પરીક્ષાઓ માટે...

Available at amazon




વધુ માહિતી માટે CALL 93753-01110

આ પુસ્તક તમામ અગ્રગણ્ય બુક સ્ટોર પર ઉપલબ્ધ

## ➤ ટીવી કોમેડી સિરીઝમાં રાષ્ટ્રપતિનું પાત્ર ભજવનાર શ્રી ઝેલેન્સ્કી યુક્રેઈનના નવા રાષ્ટ્રપતિ બનશે



પૂર્વ યુરોપમાં આવેલા **યુક્રેઇન**માં તાજેતરમાં રાષ્ટ્રપતિ પદ માટે ચૂંટણીનું આયોજન થયું હતું.

- યુક્રેઈનમાં યોજાયેલી આ ચૂંટણીમાં યુક્રેઈનના પ્રસિદ્ધ કોમેડિયન **શ્રી વોલોદિમીર ઝેલેન્સ્કી**નો વિજય થયો છે.
- શ્રી ઝેલેન્સ્કીએ યુક્રેઈનમાં લોકપ્રિય બનેલી ટીવી કોમેડી સીરિઝ **'સર્વન્ટ ઓફ દ પીપલ'**માં એક સામાન્ય શિક્ષકમાંથી બનેલા રાષ્ટ્રપતિનું પાત્ર ભજવ્યું હતું.
- આ ટીવી સીરિઝના નામ પરથી જ શ્રી ઝેલેન્સ્કીએ માર્ચ 2018માં **'સર્વન્ટ ઓફ દ પીપલ'** નામના નવા રાજકીય પક્ષની રચના કરી હતી.
- અને એક વર્ષ બાદ તાજેતરમાં યોજાયેલી રાષ્ટ્રપતિ પદની ચૂંટણીમાં તેમના પક્ષને આશ્ચર્યજનક રીતે બહુમતી મળી છે.
- યુક્રેઈનમાં યોજાયેલી આ ચૂંટણીમાં **શ્રી વોલોદિમીર ઝેલેન્સ્કી**ને **73.19 ટકા** વોટ મળ્યા હતા.
- જ્યારે તેમના હરિફ ઉમેદવાર અને યુક્રેઈનના સત્તાધારી રાષ્ટ્રપતિ **શ્રી પેત્રો પોરોશેંકો**ને **24.48 ટકા** વોટ મળ્યા હતા.
- શ્રી પેત્રો પોરોશેંકોના પક્ષનું નામ **Petro Poroshenko Bloc "Solidarity"** છે.

**નોંધ :** (1) યુક્રેઈનની રાજધાની **કીવ** છે.
(2) યુક્રેઈનનું ચલણ **Ukrainian hryvnia** છે.

## ➤ ઈન્ટરનેશનલ ફ્લીટ રિવ્યુ 2019

23 એપ્રિલ, 2019ના રોજ **ચીન**ના **કિંગડાઓ** ખાતે **ઈન્ટરનેશનલ ફ્લીટ રિવ્યુ 2019**નું આયોજન થયું હતું.

- ચીનની નૌસેના **'People's Liberation Army (PLA)**ની **70મી વર્ષગાંઠ** નિમિત્તે ચીનમાં આ ફ્લીટ રિવ્યુનું આયોજન થયું હતું.
- જેમાં ભારત, જાપાન સહિત વિશ્વના અનેક દેશોના યુદ્ધ જહાજોએ ભાગ લીધો હતો.
- આ ફ્લીટ રિવ્યુમાં **ભારત** તરફથી **INS કોલકાતા** અને **INS શક્તિ** નામના બે જહાજોએ ભાગ લીધો હતો.
- આંતરરાષ્ટ્રીય ફ્લીટ રિવ્યુ એ નેવી શિપ, એરક્રાફ્ટ અને સબમરીનની એક પરેડ છે. જેના દ્વારા દેશ પોતાની જહાજ નિર્માણ ક્ષમતાનું પ્રદર્શન કરે છે.

**નોંધ :** (1) ચીનની **People's Liberation Army (PLA) Navy**ની સ્થાપના **23 એપ્રિલ, 1949**ના રોજ થઈ હતી.
(2) ભારતમાં **ફેબ્રુઆરી, 2016**માં આંતરરાષ્ટ્રીય ફ્લીટ રિવ્યુનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં વિશ્વના આશરે 50 જેટલા દેશોના લગભગ 100 યુદ્ધ જહાજોએ ભાગ લીધો હતો.

### INS કોલકાતા

**INS કોલકાતા** એ ભારતનું **કોલકાતા ક્લાસ** અંતર્ગત નિર્માણ પામેલું **પ્રથમ** યુદ્ધ જહાજ છે.

- તેનું નિર્માણ ભારતમાં **મઝગાંવ ડોક લિમિટેડ** દ્વારા થયું હતું.
- આધુનિક હથિયારો તથા રડારોથી સજ્જ આ યુદ્ધ જહાજ ગાઈડેડ મિસાઈલોનો નાશ કરવા માટે પણ સક્ષમ છે.
- ઔપચારિક રીતે **16 ઓગસ્ટ, 2014**ના રોજ વડાપ્રધાન **શ્રી નરેન્દ્રભાઈ મોદી**ના હસ્તે આ જહાજ ભારતીય નેવીને સોંપવામાં આવ્યું હતું.

INSTITUTE FOR COMPETITIVE EXAMS

## INS શક્તિ

**INS શક્તિ** અથવા તો **INS શક્તિ (A57)** એ **દીપક ક્લાસ** અંતર્ગત નિર્માણ પામેલી **બીજી fleet tanker** છે.

- ઈટાલિયન શિપબિલ્ડીંગ કંપની **Fincantieri** અને ભારતની **Bharat Electronics** દ્વારા તેનું નિર્માણ થયું છે.
- INS શક્તિ એ અન્ય જહાજોને ફ્યુઅલ (બળતણ) પૂરું પાડતી **tanker** છે.
- તે **એક સાથે ચાર જહાજો**ને **પ્રતિ કલાક 1500 ટન**ની ઝડપ સાથે બળતણ પૂરું પાડી શકે છે.
- INS Shakti (A57)ને **1 ઓક્ટોબર, 2011**ના રોજ ભારતીય નેવીને સોંપવામાં આવ્યું હતું.
- આ જહાજમાં **સેલ્ફ-ડીફેન્સ સિસ્ટમ** પણ ગોઠવવામાં આવી છે, જેથી તે દુશ્મન દેશોથી તેનું રક્ષણ કરી શકે છે.

## ICE ? Questions

1. યુનેસ્કો દ્વારા દર વર્ષે કયા દિવસને 'વિશ્વ પુસ્તક દિવસ' તરીકે ઉજવવામાં આવે છે ?
(A) 12 માર્ચ (B) 12 એપ્રિલ (C) 23 માર્ચ (D) 23 એપ્રિલ **(D)**

2. 'વર્લ્ડ બુક ડે' અથવા તો 'વિશ્વ પુસ્તક દિવસ'ને બીજા કયા નામે ઓળખવામાં આવે છે ?
1. વિશ્વ પુસ્તક અને કોપીરાઈટ દિવસ
2. આંતરરાષ્ટ્રીય પુસ્તક દિવસ
3. વિશ્વ પબ્લિકેશન દિવસ
Ans. (A) ફક્ત 2 (B) ફક્ત 3 (C) ફક્ત 2 અને 3 (D) ફક્ત 1 અને 2 **(D)**

3. યુનેસ્કો દ્વારા સૌપ્રથમ પુસ્તક દિવસની ઉજવણી ક્યારે કરવામાં આવી હતી ?
(A) 23 એપ્રિલ, 1985 (B) 23 એપ્રિલ, 1975
(C) 23 એપ્રિલ, 2005 (D) 23 એપ્રિલ, 1995 **(D)**

4. નીચેનામાંથી કયા પ્રસિદ્ધ સાહિત્યકારની મૃત્યુ તિથિ હોવાને કારણે 23 એપ્રિલના દિવસે વિશ્વ પુસ્તક દિવસની ઉજવણી કરવામાં આવે છે ?
(A) શ્રી રવિન્દ્રનાથ ટાગોર (B) શ્રી વિલિયમ શેક્સપીયર
(C) શ્રી ઈન્કા ગ્રેસિલસો દે લા વેગા (D) B અને C બંને **(D)**

5. નીચેનામાંથી કયા પ્રસિદ્ધ સાહિત્યકારની જન્મ જયંતી તથા મૃત્યુ તિથિ 23 એપ્રિલ 'વિશ્વ પુસ્તક દિવસ' તથા 'અંગ્રેજી ભાષા દિવસ' તરીકે ઉજવાય છે ?
(A) શ્રી ચાર્લ્સ ડિકન્સ (B) શ્રી જ્યોર્જ ઓરવેલ્ડ
(C) શ્રી ઓસ્કાર વાઈલ્ડ (D) શ્રી વિલિયમ શેક્સપીયર **(D)**

6. યુનેસ્કો દ્વારા વર્ષ 2019ના વર્લ્ડ બુક કેપિટલ સિટી તરીકે કયા શહેરની જાહેરાત કરવામાં આવી છે ?
(A) એથેન્સ (B) દુબઈ (C) શારજાહ (D) કુઆલા લુમ્પુર **(C)**

7. ટીવી કોમેડી સિરીઝમાં રાષ્ટ્રપતિનું પાત્ર ભજવનાર કયા કોમેડિયન એક્ટર યુક્રેઈનના નવા રાષ્ટ્રપતિ બનશે ?
(A) શ્રી વિક્ટર યુશચેન્કો (B) શ્રી પેત્રો પોરોશેન્કો
(C) શ્રી વોલોદિમીર ઝેલેન્સ્કી (D) શ્રી લિયોનીડ ક્રાવચુક **(C)**

8. પોતાના હરિફ ઉમેદવાર અને યુક્રેઈનના કયા સત્તાધારી રાષ્ટ્રપતિને પરાજય આપીને કોમેડિયન એક્ટર શ્રી વોલોદિમીર ઝેલેન્સ્કી યુક્રેઈનના નવા રાષ્ટ્રપતિ બનશે ?
(A) શ્રી વિક્ટર યુશચેન્કો (B) શ્રી પેત્રો પોરોશેન્કો
(C) શ્રી લિયોનીડ કુચમા (D) શ્રી લિયોનીડ ક્રાવચુક **(B)**

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

**9.** શ્રી વોલોદિમીર ઝેલેન્સકી તાજેતરમાં યુક્રેઈનના નવા રાષ્ટ્રપતિ તરીકે ચૂંટાઈ આવ્યા છે...યુક્રેઈનની પ્રસિદ્ધ કોમેડી ટીવી સીરિઝના નામ પરથી બનેલા તેમના પક્ષનું નામ શું છે ?

(A) સર્વન્ટ ઓફ ધ પીપલ (B) પ્રેસિડન્ટ ઓફ ધ પીપલ

(C) લીડર ઓફ ધ પીપલ (D) ફ્રીડમ ઓફ ધ પીપલ **(A)**

**10.** તાજેતરમાં 23 એપ્રિલ 2019ના રોજ ઈન્ટરનેશનલ ફ્લીટ રિવ્યુ 2019નું આયોજન કયાં થયું હતું ?

(A) ચેંગડુ, ચીન (B) હેંગઝાઉ, ચીન (C) કિંગડાઓ, ચીન (D) શેનઝેન, ચીન **(C)**

**11.** તાજેતરમાં ચીનની નૌસેના PLAની 70મી વર્ષગાંઠ નિમિત્તે યોજાયેલ ઈન્ટરનેશનલ ફ્લીટ રિવ્યુમાં ભારતના કયા બે જહાજોએ ભાગ લીધો હતો ?

(A) INS કોલકાતા અને INS ઈમ્ફાલ (B) INS કોલકાતા અને INS વિશાખાપટ્ટનમ

(C) INS કોલકાતા અને INS દીપક (D) INS કોલકાતા અને INS શક્તિ (A57) **(D)**






## 24 APRIL, 2019 WEDNESDAY

## ➢ દિવસ મહિમા : 24 એપ્રિલ, રાષ્ટ્રીય પંચાયતી રાજ દિવસ

ભારત સરકારના **પંચાયતી રાજ મંત્રાલય** દ્વારા દર વર્ષે **24 એપ્રિલ**ના રોજ **'રાષ્ટ્રીય પંચાયતી રાજ દિવસ'**ની ઉજવણી કરવામાં આવે છે.

- તત્કાલીન વડાપ્રધાન **શ્રી ડો. મનમોહન સિંહે** કરેલી જાહેરાત અનુસાર ભારતમાં **24 એપ્રિલ, 2010**ના રોજ **પ્રથમ** રાષ્ટ્રીય પંચાયતી રાજ દિવસની ઉજવણી કરવામાં આવી હતી.
- ત્યારબાદ વર્ષ **2010**થી ભારતમાં દર વર્ષે 24 એપ્રિલના રોજ 'રાષ્ટ્રીય પંચાયતી રાજ દિવસ' ઉજવાય છે.
- ભારતમાં પંચાયતી રાજ વ્યવસ્થા અંગે મહત્ત્વનો **73મો બંધારણીય સુધારો** **24 એપ્રિલ, 1993**ના રોજ અમલમાં આવ્યો હતો.
- આથી, આ દિવસની યાદમાં ભારતમાં 24 એપ્રિલના રોજ 'પંચાયતી રાજ દિવસ'ની ઉજવણી કરવામાં આવે છે.

### 73મો બંધારણીય સુધારો

ભારતમાં 73મા બંધારણીય સુધારા દ્વારા ભારતીય બંધારણમાં **ભાગ-9** ઉમેરવામાં આવ્યો છે.

- આ નવા ઉમેરાયેલા **ભાગ-9**માં **અનુચ્છેદ 243થી 243(O)** અંતર્ગત **પંચાયતી રાજ** અંગેની (પંચાયતોના માળખા સંબંધિત) જોગવાઈઓ કરવામાં આવી છે.
- આ ઉપરાંત ભારતમાં પંચાયતી રાજના અમલ માટે ભારતીય બંધારણમાં એક **નવું પરિશિષ્ટ** અથવા તો **અનુસૂચિ 11** ઉમેરવામાં આવી છે.
- જેમાં પંચાયતોને કાર્યો સોંપવા માટેના 29 વિષયોનો ઉલ્લેખ છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

### ભારતમાં પંચાયતી રાજનો પ્રારંભ

ભારતમાં સૌપ્રથમ **2 ઓક્ટોબર, 1959**ના રોજ **રાજસ્થાન**ના **નાગૌર** જિલ્લાના **બગદરી** ગામમાં **પંડિત જવાહરલાલ નહેરૂ** દ્વારા પંચાયતી રાજનો પ્રારંભ થયો હતો.

- રાજસ્થાનના નાગૌર જિલ્લામાં **શ્રી બળવંતરાય મહેતા સમિતિ**ની ભલામણોને આધારે આ પંચાયતી રાજનો પ્રારંભ થયો હતો.
- ભારતના દરેક ખૂણામાં પંચાયતી રાજ વ્યવસ્થા અમલમાં મૂકવી એ મહાત્મા ગાંધીજીનું સ્વપ્ન હતું.
- આથી, રાજસ્થાનના નાગૌર જિલ્લામાં **મહાત્મા ગાંધીજીની જન્મ જયંતી** **2 ઓક્ટોબર**ના રોજ પંચાયતી રાજ વ્યવસ્થાનો પ્રારંભ કરવામાં આવ્યો હતો.
- ત્યારબાદ ભારતમાં 73મા બંધારણીય સુધારા દ્વારા 1993માં પંચાયતી રાજ વ્યવસ્થાને બંધારણમાં સ્થાન આપવામાં આવ્યું હતું.

**નોંધ :** 73મો બંધારણીય સુધારો અમલમાં આવ્યા બાદ ગુજરાતમાં પંચાયતી રાજ વ્યવસ્થાના અમલ માટે ગુજરાત સરકાર દ્વારા **પંચાયત અધિનિયમ 1961** નાબૂદ કરીને નવો **પંચાયત અધિનિયમ 1993** લાગુ કરવામાં આવ્યો હતો.

## ➤ અબુ ધાબીમાં ઈન્ટરનેશનલ બુક ફેરમાં ભારત 'ગેસ્ટ ઓફ ઓનર'

24થી 30 એપ્રિલ, 2019 દરમિયાન યુનાઈટેડ આરબ અમિરાત (UAE)ની રાજધાની અબુ ધાબી ખાતે 29મા ઈન્ટરનેશનલ બુક ફેરનું આયોજન કરવામાં આવ્યું છે.

- અબુ ધાબી ખાતે યોજાઈ રહેલા વર્ષ 2019ના આ બુક ફેરમાં ભારતને 'ગેસ્ટ ઓફ ઓનર'નો દરજ્જો આપવામાં આવ્યો છે.
- આ બુક ફેરમાં 50થી વધુ દેશોના આશરે 1000થી વધુ પ્રતિનિધિઓ ભાગ લેશે.

## ➤ ઈન્ડોનેશિયામાં રામાયણ અંગે વિશેષ ટપાલ ટિકિટ પ્રસિદ્ધ કરવામાં આવી

23 એપ્રિલ, 2019ના રોજ ઈન્ડોનેશિયામાં રામાયણની થીમ પર એક વિશેષ સ્મારક ટિકિટ પ્રસિદ્ધ કરવામાં આવી છે.

- ભારત અને ઈન્ડોનેશિયા વચ્ચેના રાજદ્વારી સંબંધોને 70 વર્ષ પૂર્ણ થવાને પ્રસંગે આ સ્મારક ટિકિટ પ્રસિદ્ધ કરવામાં આવી છે.
- જેમાં રામાયણમાં સીતાજીને બચાવવા માટે લડતા જટાયુનું ચિત્ર અંકિત છે.

## ICE Questions

1. ભારતમાં 'રાષ્ટ્રીય પંચાયતી રાજ દિવસ' તરીકે કયો દિવસ ઉજવાય છે ?
   (A) 22 એપ્રિલ (B) 23 એપ્રિલ (C) 24 એપ્રિલ (D) 25 એપ્રિલ — **(C)**

2. ભારતમાં દર વર્ષે 24 એપ્રિલના રોજ 'રાષ્ટ્રીય પંચાયતી રાજ દિવસ'ની ઉજવણીનો પ્રારંભ કયારથી થયો હતો ?
   (A) 2002 (B) 1993 (C) 2005 (D) 2010 — **(D)**

3. ભારતમાં 2 ઓક્ટોબર, 1959ના રોજ રાજસ્થાનના નાગૌર જિલ્લાના કયા ગામમાં સૌપ્રથમ વખત પંચાયતી રાજ વ્યવસ્થાનો પ્રારંભ થયો હતો ?
   (A) બલસાણા (B) બગદરી (C) બરગાંવ (D) બેનાસ — **(B)**

4. તાજેતરમાં એપ્રિલ 2019 દરમિયાન કયા દેશમાં યોજાઈ રહેલ ઈન્ટરનેશનલ બુક ફેરમાં ભારતને 'ગેસ્ટ ઓફ ઓનર'નો દરજ્જો આપવામાં આવ્યો છે ?
   (A) ઈન્ડોનેશિયા (B) સાઉદી અરેબિયા
   (C) સંયુક્ત આરબ અમિરાત (D) ઈઝરાયેલ — **(C)**

5. તાજેતરમાં 24થી 30 એપ્રિલ, 2019 દરમિયાન કયા શહેરમાં યોજાયેલા ઈન્ટરનેશનલ બુક ફેરમાં ભારતને 'ગેસ્ટ ઓફ ઓનર'નો દરજ્જો આપવામાં આવ્યો હતો ?
   (A) દુબઈ (B) શારજાહ (C) અબુ ધાબી (D) મસ્કત — **(C)**

6. તાજેતરમાં કયા દેશ દ્વારા રામાયણની થીમ પર વિશેષ ટપાલ ટિકિટ પ્રસિદ્ધ કરવામાં આવી છે ?
   (A) UAE (B) ઈરાન (C) મલેશિયા (D) ઈન્ડોનેશિયા — **(D)**

7. તાજેતરમાં ભારત અને ઈન્ડોનેશિયાના રાજદ્વારી સંબંધોના કેટલા વર્ષ પૂર્ણ થવાને પ્રસંગે ઈન્ડોનેશિયા દ્વારા રામાયણની થીમ પર એક વિશેષ ટપાલ ટિકિટ પ્રસિદ્ધ કરવામાં આવી છે ?
   (A) 60 વર્ષ (B) 70 વર્ષ (C) 75 વર્ષ (D) 50 વર્ષ — **(B)**

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

**25 APRIL, 2019 THURSDAY**

## ➢ દિવસ મહિમા : 25 એપ્રિલ, વિશ્વ મેલેરિયા દિવસ




સમગ્ર વિશ્વમાં 25 એપ્રિલના રોજ વિશ્વ મેલેરિયા દિવસની ઉજવણી કરવામાં આવે છે.

- આ દિવસની ઉજવણીનો મુખ્ય ઉદ્દેશ મેલેરિયાને નિયંત્રણમાં લેવા માટે થતાં વિશ્વ વ્યાપી પ્રયત્નોને વાચા આપવાનો છે.
- મે 2007માં વર્લ્ડ હેલ્થ એસેમ્બ્લીના 60મા સત્રમાં આ દિવસની ઉજવણીને માન્યતા આપવામાં આવી હતી.
- વર્ષ 2019ની વિશ્વ મેલેરિયા દિવસની થીમ 'Zero Malaria Starts with me' (ઝીરો મેલેરિયા મારી સાથે શરૂ થાય છે) છે.

## ➢ વિશ્વમાં મેલેરિયાની પ્રથમ રસી મલાવીમાં લોન્ચ

તાજેતરમાં 23 એપ્રિલ, 2019ના રોજ આફ્રિકી દેશ મલાવીમાં વિશ્વની મેલેરિયાની પ્રથમ રસી લોન્ચ કરવામાં આવી છે.

- આ રસી પાંચ મહિનાથી બે વર્ષ સુધીના બાળકો માટે છે.
- આ રસી (Vaccine)નું નામ RTS-S અને તેનું વ્યાપારિક નામ Mosquirix છે.
- આ રસી તૈયાર કરવા માટે આશરે 30 વર્ષનો સમય લાગ્યો હતો.
- વૈજ્ઞાનિકોના મતે આ રસીની મદદથી બાળકોમાં મેલેરિયાના નિયંત્રણમાં સફળતા મળશે.
- મલાવી બાદ આફ્રિકી દેશ ઘાના અને કેન્યામાં પણ આ રસીનો પ્રારંભ કરવામાં આવશે.

**નોંધ :** (1) એક રિપોર્ટ અનુસાર આ બિમારીથી દર વર્ષે આશરે 4.35 લાખ લોકોના મોત થાય છે.

(2) મેલેરિયાની બિમારીને કારણે વિશ્વમાં સૌથી વધુ મૃત્યુ આફ્રિકામાં થાય છે. WHOના મતે આફ્રિકામાં આ બિમારીને કારણે દર વર્ષે આશરે 2.5 લાખ બાળકોના મોત થાય છે.

### મેલેરિયા

મેલેરિયા એ મચ્છરથી ફેલાતો ચેપી રોગ છે.

- તે ચેપગ્રસ્ત માદા એનોફીલીસ; (Anopheles) મચ્છરના ડંખથી ફેલાય છે.
- આ રોગ થવાનું મુખ્ય કારણ પ્લાઝમોડિયમ જૂથના કેટલાક પરજીવીઓ છે.
- જેમાં ફાલ્સીપેરમ નામના પ્લાઝમોડિયમને સૌથી ઘાતક માનવામાં આવે છે.
- આફ્રિકા સહિત વિશ્વના તમામ ભાગોમાં મેલેરિયાથી સૌથી વધુ મૃત્યુ આ ફાલ્સીપેરમ નામના પ્લાઝમોડિયમને કારણે જ થાય છે.
- મેલેરિયાના લક્ષણોમાં તાવ, થાક, ઉલ્ટી, માથાનો દુઃખાવો વગેરેનો સમાવેશ થાય છે.

## ➢ ઈન્ડિયન કોસ્ટ ગાર્ડ વેસલ C-441નું જલાવતરણ

24 એપ્રિલ, 2019ના રોજ ઈન્ડિયન કોસ્ટ ગાર્ડ (ભારતીય તટરક્ષક દળ)ની શિપ C-441નું જલાવતરણ કરવામાં આવ્યું છે.

- આ શિપનું કેરળમાં તિરુવનંતપુરમના વિઝિન્જમ નામના બંદર પરથી જલાવતરણ કરવામાં આવ્યું હતું.
- C-441 નામની આ શિપનો ઉપયોગ સમુદ્ર કિનારાની દેખરેખ, શોધ અને બચાવ કાર્ય તેમજ અન્ય નાવને મદદ કરવા માટે થશે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## ICE ? Questions

| | | |
|---|---|---|
| 1. | સમગ્ર વિશ્વમાં 'વિશ્વ મેલેરિયા દિવસ' તરીકે કયો દિવસ ઉજવાય છે ?<br>(A) 22 એપ્રિલ (B) 23 એપ્રિલ (C) 24 એપ્રિલ (D) 25 એપ્રિલ | (D) |
| 2. | વર્ષ 2019ની 'વિશ્વ મેલેરિયા દિવસ'ની થીમ શું છે ?<br>(A) Counting malaria Out (B) End malaria For Good<br>(C) Zero malaria starts with me (D) Ready to beat malaria | (C) |
| 3. | તાજેતરમાં વિશ્વના કયા દેશમાં વિશ્વમાં સૌપ્રથમ વખત મેલેરિયાની રસી લોન્ચ કરવામાં આવી છે ?<br>(A) દક્ષિણ આફ્રિકા (B) મલાવી (C) ઘાના (D) કેન્યા | (B) |
| 4. | તાજેતરમાં મલાવીમાં પાયલટ પ્રોજેક્ટ તરીકે લોન્ચ કરવામાં આવેલી વિશ્વની સૌપ્રથમ મેલેરિયાની રસીનું નામ શું છે ?<br>(A) RSS-S અથવા Mosquirix (B) RTS-S અથવા Mosquirix<br>(C) RFC-S અથવા Mosquirix (D) ORS-S અથવા Mosquirix | (B) |
| 5. | મેલેરિયા કયા માદા મચ્છરના ડંખથી ફેલાતો રોગ છે ?<br>(A) એડિસ (B) એલ્ફોન્ઝા (C) એકિલિસ (D) એનોફિલીસ | (D) |
| 6. | મેલેરિયાને લીધે વિશ્વમાં સૌથી વધુ મૃત્યુ કયા પ્લાઝમોડિયમને કારણે થાય છે ?<br>(A) વિવેક્ષ (B) ઓવેલ (C) ફાલ્સીપેરમ (D) મેલેરિયા | (C) |
| 7. | 24 એપ્રિલ, 2019ના રોજ ઈન્ડિયન કોસ્ટ ગાર્ડના વેસલ અથવા તો શિપ C-441નું કયાંથી જલાવતરણ કરવામાં આવ્યું છે ?<br>(A) વિઝિન્જમ, તિરુવનંતપુરમ (કેરળ) (B) નીન્દાકારા, તિરુવનંતપુરમ (કેરળ)<br>(C) વલિયાથુરા, તિરુવનંતપુરમ (કેરળ) (D) કોટ્ટાયમ, તિરુવનંતપુરમ (કેરળ) | (A) |

ICE® INSTITUTE FOR COMPETITIVE EXAMS

બિનસચિવાલય ક્લાર્ક
» બંધારણ
» જાહેર વહીવટ
» સામાન્ય જ્ઞાન
» કોમ્પ્યૂટર
» ગુજરાતી વ્યાકરણ
» અંગ્રેજી વ્યાકરણ
» ગુજરાતનો ઈતિહાસ
» ગુજરાતનો સા. વારસો
Available at amazon
ICE® INSTITUTE FOR COMPETITIVE EXAMS


**26 APRIL, 2019 FRIDAY**

## ➤ દિવસ મહિમા : 26 એપ્રિલ, વિશ્વ બૌદ્ધિક સંપત્તિ દિવસ (World Intellectual Property Day)

## ➤ ભારત ઈરાન પાસેથી ક્રૂડ ઓઈલની આયાત બંધ કરશે

થોડા સમય અગાઉ **અમેરિકા** દ્વારા ઈરાન પાસેથી ક્રૂડ ઓઈલની ખરીદી પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો હતો.

- પરંતુ અમેરિકા દ્વારા તેમાં ભારત, ચીન, જાપાન, તુર્કી, ઈટલી, ગ્રીસ, દક્ષિણ કોરિયા વગેરે દેશોને આ પ્રતિબંધમાં છૂટ આપવામાં આવી હતી.
- જોકે, તાજેતરમાં આવેલા નવા રિપોર્ટ અનુસાર અમેરિકાએ ભારત સહિત વિવિધ દેશોને આપેલી આ છૂટ **2 મે, 2019**થી હટાવી લીધી છે.
- આથી 2 મે, 2019 બાદ આ દેશો ઈરાન પાસેથી ક્રૂડ ઓઈલની આયાત કરી શકશે નહિ.
- આ સંજોગોમાં ભારતે ઈરાન પાસેથી ક્રૂડ ઓઈલીની આયાત બંધ કરવાનો નિર્ણય કર્યો છે.
- ભારત હવે ઈરાનની જગ્યાએ અન્ય દેશો પાસેથી ક્રૂડ ઓઈલની આયાત કરશે.
- આથી, ભારત સરકારના આ નિર્ણયથી ભારતમાં ક્રૂડ ઓઈલના સપ્લાયમાં કોઈપણ જાતનો ઘટાડો નહિ થાય.

### ભારતમાં ક્રૂડ ઓઈલની આયાત

સમગ્ર વિશ્વમાં ભારત **અમેરિકા** અને **ચીન** બાદ વિશ્વનો **ત્રીજો સૌથી મોટો** ઓઈલ વપરાશ કર્તા દેશ છે.

- ભારત પોતાની ઉર્જા જરૂરિયાતો પૂરી કરવા માટે પોતાની કુલ જરૂરિયાતના **80 ટકા** ક્રૂડ ઓઈલની આયાત કરે છે.
- વર્તમાન સમયે ભારત સૌથી વધુ ક્રૂડ ઓઈલની આયાત **ઈરાક** પાસેથી કરે છે.
- અને **ઈરાક** બાદ **બીજા નંબરે સાઉદી અરબ** પાસેથી તથા સાઉદી અરબ બાદ **ત્રીજા નંબરે ઈરાન** પાસેથી ક્રૂડ ઓઈલની આયાત કરે છે.
- જેમાં ભારતની ક્રુડ ઓઈલની આયાતમાં **ઈરાન**નો હિસ્સો આશરે **10.4 ટકા** હતો.

### વર્ષ 2017માં ઓઈલનો સૌથી વધુ વપરાશ કર્તા વિશ્વના ટોપ 5 દેશો

| ક્રમ | દેશ |
|---|---|
| 1 | અમેરિકા |
| 2 | ચીન |
| 3 | ભારત |
| 4 | જાપાન |
| 5 | સાઉદી અરેબિયા |

### ભારતની ક્રૂડ ઓઈલની સૌથી વધુ આયાત

| ક્રમ | દેશ |
|---|---|
| 1 | ઈરાક |
| 2 | સાઉદી અરેબિયા |
| 3 | ઈરાન |

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

**નોંધ :**(1) **ચીન** તેની કુલ જરૂરિયાતના **50 ટકા** અને જાપાન તથા **દક્ષિણ કોરિયા** તેની કુલ જરૂરિયાતના **100 ટકા** ક્રૂડ ઓઈલની આયાત કરે છે.

(2) **ઈરાન** દ્વારા ક્રૂડ ઓઈલની સૌથી વધુ નિકાસ **ચીન**માં અને ત્યારબાદ **બીજા** ક્રમે **ભારત**માં થાય છે. ઈરાન, **જાપાન** અને **સાઉથ કોરિયા**માં પણ ક્રૂડ ઓઈલની નિકાસ કરે છે.

(3) અમેરિકા દ્વારા ઈરાન પર મધ્ય–પૂર્વના દેશોને અસ્થિર બનાવવાનો આરોપ છે. આથી તેના પર દબાણ વધારવા માટે અમેરિકાએ ઈરાન પર આર્થિક પ્રતિબંધો મૂકયા હતા. અને હવે તેની આવક રોકવા માટે અમેરિકાએ ઈરાનની ક્રૂડ ઓઈલની નિકાસ રોકવાનો નિર્ણય કર્યો છે.

## ➢ ભારતમાંથી મેલેરિયાના ઉન્મૂલન માટે 'MERA India' અભિયાન લોન્ચ

વર્ષ **2030** સુધીમાં **ભારત**માંથી **મેલેરિયાના ઉન્મૂલન** માટે તાજેતરમાં ભારતમાં **'MERA India'** અભિયાન લોન્ચ કરવામાં આવ્યું છે.

- **MERA India** અભિયાનનું પૂરું નામ **'Malaria Elimination Research Alliance India'** છે.
- 25 એપ્રિલ, 2019ને **'વિશ્વ મેલેરિયા દિવસ'**ના રોજ ભારતમાં **'Indian Council of Medical Research (ICMR)'** દ્વારા આ અભિયાન લોન્ચ કરવામાં આવ્યું હતું.
- વર્ષ **2000**ની તુલનાએ વર્ષ **2018**માં ભારતમાં મેલેરિયાના કેસોમાં **80 ટકા**નો ઘટાડો થયો છે.
- વર્ષ 2000માં ભારતમાં મેલેરિયાના 2.03 મિલિયન કેસો નોંધાયા હતા. જે વર્ષ 2018માં ઘટીને 0.39 મિલિયન થઈ ગયા છે.
- આ ઉપરાંત ભારતમાં મેલેરિયાને કારણે થતા મૃત્યુમાં પણ વર્ષ **2000**ની તુલનાએ વર્ષ **2018**માં **90 ટકા**નો ઘટાડો થયો છે.
- હવે વર્ષ **2030** સુધીમાં ભારતમાંથી મેલેરિયાના ઉન્મૂલન માટે આ અભિયાન શરૂ કરવામાં આવ્યું છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## ICE ? Questions

1. વિશ્વ બૌદ્ધિક સંપત્તિ દિવસ (World Intellectual property Day) તરીકે કયો દિવસ ઉજવાય છે ?
   (A) 24 એપ્રિલ (B) 25 એપ્રિલ (C) 26 એપ્રિલ (D) 27 એપ્રિલ — **(C)**

2. સમગ્ર વિશ્વમાં ભારત ઓઈલનો કેટલામો સૌથી મોટો વપરાશ કર્તા દેશ છે ?
   (A) બીજો (B) ત્રીજો (C) ચોથો (D) પાંચમો — **(B)**

3. ભારત પોતાની કુલ જરૂરિયાતના કેટલા ટકા ક્રૂડ ઓઈલની આયાત કરે છે ?
   (A) 40 ટકા (B) 50 ટકા (C) 60 ટકા (D) 80 ટકા — **(D)**

4. ભારત ક્રૂડ ઓઈલની સૌથી વધુ આયાત નીચેનામાંથી કયા દેશ પાસેથી કરે છે ?
   (A) ઈરાક (B) ઈરાન (C) સાઉદી અરેબિયા (D) UAE — **(A)**

5. ભારતની કુલ ઓઈલની આયાતમાં ઈરાનનો હિસ્સો લગભગ કેટલા ટકા હતો ?
   (A) 50 ટકા (B) 40 ટકા (C) 20 ટકા (D) 10 ટકા — **(D)**

| | | | | |
|---|---|---|---|---|
| 6. | ભારતમાંથી મેલેરિયાના ઉન્મૂલન માટે ICMR દ્વારા તાજેતરમાં કયું અભિયાન લોન્ચ કરવામાં આવ્યું છે ? | | | |
| | (A) My INDIA | (B) Malaria Free India | | |
| | (C) MERA India | (D) Malaria Free Nation | | (C) |
| 7. | ભારતમાં કયાં સુધીમાં મેલેરિયાના ઉન્મૂલ માટે ICMR દ્વારા તાજેતરમાં MERA India અભિયાન લોન્ચ કરવામાં આવ્યું છે ? | | | |
| | (A) 2025 | (B) 2028 | (C) 2030 (D) 2032 | (C) |

## 27 APRIL, 2019 SATURDAY

## ➤ વર્ષ 2018-19 માટે EPF પર વ્યાજ દર 8.65 ટકા

ભારત સરકારના નાણા મંત્રાલય દ્વારા તાજેતરમાં નાણાકીય વર્ષ 2018-19 માટે એમ્પ્લોઈઝ પ્રોવિડન્ટ ફંડ (EPF)માં જમા રકમ પર 8.65 ટકા વ્યાજ આપવાના EPFOના નિર્ણયને મંજૂરી આપવામાં આવી છે.

- નાણા મંત્રાલયના આ નિર્ણયથી ભારતમાં સંગઠિત ક્ષેત્રના આશરે 6 કરોડ જેટલા કર્મચારીઓને લાભ થશે.
- આ અગાઉ નાણાકીય વર્ષ 2017-18 માટે EPF પરનો વ્યાજ દર 8.55 ટકા હતો.

### EPFO

EPFOનું પૂરું નામ 'એમ્પ્લોઈઝ પ્રોવિડન્ટ ફંડ ઓર્ગેનાઈઝેશન' છે.

- EPFOએ સંગઠિત ક્ષેત્ર સાથે જોડાયેલા કર્મચારીઓ માટે પ્રોવિડન્ટ ફંડ, પેન્શન અને વીમા યોજનાઓના સંચાલનમાં કેન્દ્ર સરકારને સહાય કરતી એક સંસ્થા છે.
- 'પ્રોવિડન્ટ ફંડ અને વિવિધ પ્રબંધકો અધિનિયમ, 1952' અંતર્ગત 4 માર્ચ, 1952ના રોજ તેની સ્થાપના કરવામાં આવી હતી.
- તેનું વડું મથક નવી દિલ્હી ખાતે આવેલું છે.
- આ સંસ્થા કેન્દ્ર સરકારના શ્રમ અને રોજગાર મંત્રાલય અંતર્ગત કાર્ય કરે છે.

## ➤ RBI રૂ. 20ની નવી નોટ પ્રસિદ્ધ કરશે



રિઝર્વ બેન્ક ઓફ ઈન્ડિયા (RBI) દ્વારા ટૂંક સમયમાં રૂ. 20ની નવી નોટ પ્રસિદ્ધ કરવાની જાહેરાત કરવામાં આવી છે.

- રૂ. 20ની આ નવી નોટ રૂ. 10, 50,100,200,500 અને 2000 બાદ નોટબંધી પછી ચલણમાં આવનાર 7મી નવી નોટ હશે.

### રૂ. 20ની નવી નોટની વિશેષતા

1. આ નવી નોટ મહાત્મા ગાંધીજીની સિરીઝની હશે. અને તેના પર RBI ગવર્નર શ્રી શક્તિકાંત દાસના સિગ્નેચર હશે.
2. આ નોટ લીલા-પીળા રંગની હશે.
3. આ નવી નોટની પાછળ ઈલોરાની ગુફાઓનું ચિત્ર અને સ્વચ્છ ભારતનો લોગો તથા સૂત્ર હશે.
4. આ નોટના આગળના ભાગમાં મહાત્મા ગાંધીજીનું ચિત્ર અને નોટનું મૂલ્ય હિન્દી અને અંગ્રેજીના અંકોમાં હશે. આ ઉપરાંત તેમાં અશોક સ્તંભનું ચિહ્ન પણ હશે.
5. આ નોટની સાઈઝ 63 × 129 mm હશે.

## નવી ચલણી નોટોમાં ચિત્ર

**RBI દ્વારા તાજેતરમાં લોન્ચ કરવામાં આવેલી નવી ચલણી નોટોમાં મહાત્મા ગાંધીજી, અશોક સ્તંભનું ચિહ્ન, અને સ્વચ્છ ભારતનો લોગો તથા તેના સૂત્ર ઉપરાંત નીચેના ચિત્રોનો સમાવેશ થાય છે.**

**નવી કઈ નોટમાં શેનું ચિત્ર છે ?**

| ક્રમ | નોટ | ચિત્ર |
|---|---|---|
| 1 | 10 | કોર્ણાકનું સૂર્ય મંદિર |
| 2 | 50 | રથ સાથે હમ્પી |
| 3 | 100 | રાણકી વાવ |
| 4 | 200 | સાંચીનો સ્તૂપ |
| 5 | 500 | લાલ કિલ્લો |
| 6 | 2000 | મંગળયાન (મંગળ મિશન) |
| 7 | 20 | ઈલોરાની ગુફા |

## ICE Questions

**1.** નાણાકીય વર્ષ 2018-19 માટે ભારતમાં EPF પર કેટલા ટકા વ્યાજ આપવામાં આવશે ?

(A) 8.45 (B) 8.55 (C) 8.65 (D) 8.75 **(C)**

**2.** નાણાકીય વર્ષ 2017-18 માટે ભારતમાં EPF પર કેટલા ટકા વ્યાજ આપવામાં આવ્યું હતું ?

(A) 8.45 (B) 8.55 (C) 8.65 (D) 8.75 **(B)**

**3.** RBI દ્વારા તાજેતરમાં રૂ. 20ની નવી નોટ ચલણમાં મૂકવાની જાહેરાત કરવામાં આવી છે.... રૂ. 20ની આ નવી નોટ નોટબંધી બાદ ભારતમાં ચલણમાં આવનાર કેટલામી નવી નોટ હશે ?

(A) પાંચમી (B) છઠ્ઠી (C) સાતમી (D) આઠમી **(C)**

**4.** RBI દ્વારા ચલણમાં આવનાર રૂ. 20ની નવી નોટમાં શેનું ચિત્ર હશે ?

(A) સ્ટેચ્યુ ઓફ યુનિટી (B) રાષ્ટ્રીય શહીદ સ્મારક (C) ઈલોરાની ગુફાઓ (D) ઝૂલતા મિનારા **(C)**

**5.** ભારતમાં તાજેતરમાં પ્રસિદ્ધ થયેલી નવી ચલણી નોટ અને તેમાં સમાવેશ પામેલ ચિત્રની નીચેની જોડમાંથી કઈ જોડ સાચી નથી ?

(A) રૂ. 10-કોણાર્કનું સૂર્યમંદિર (B) રૂ. 50-સાંચીનો સ્તૂપ

(C) રૂ. 100-રાણકી વાવ (D) રૂ. 500-લાલ કિલ્લો **(B)**

**6.** RBI દ્વારા તાજેતરમાં ભારતમાં પ્રસિદ્ધ થયેલી નવી કઈ ચલણી નોટમાં મંગળયાન અથવા તો મંગળ મિશનનું ચિત્ર છે ?

(A) રૂ. 2000 (B) રૂ. 200 (C) રૂ. 50 (D) ત્રણમાંથી કોઈ નહિ **(A)**

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

# ONE LINER
## CURRENT AFFAIRS

## ભારત

### ➤ શ્રી શિખર ધવન IPLમાં 500 ચોગ્ગા ફટકારનાર પ્રથમ બેટ્સમેન બન્યા

દિલ્હી કેપિટલ ટીમના પ્રસિદ્ધ બેટ્સમેન શ્રી શિખર ધવન IPLમાં 500 ચોગ્ગા ફટકારનાર પ્રથમ બેટ્સમેન બની ગયા છે. તાજેતરમાં કિંગ્સ ઈલેવન પંજાબ સામે રમાયેલી એક મેચમાં તેમણે આ સિદ્ધિ મેળવી છે. IPLની 153મી મેચ રમતા શ્રી શિખર ધવનને આ સિદ્ધિ મળી છે.

### ➤ સંતોષ ટ્રોફી 2018-19

તાજેતરમાં ભારતના પંજાબમાં વર્ષ 2018-19ની સંતોષ ટ્રોફી માટે એક ટુર્નામેન્ટનું આયોજન થયું હતું. જેમાં યજમાન પંજાબની ટીમને પરાજય આપીને સર્વિસેઝની ટીમે આ ટ્રોફી છઠ્ઠી વખત જીતી લીધી છે. સંતોષ ટ્રોફી એ ભારતમાં રમાતી રાષ્ટ્રીય કક્ષાની ફૂટબોલ ટુર્નામેન્ટ છે. ભારતના વિવિધ રાજ્યોના ફૂટબોલ એસોસિયેશન અને સરકારી સંસ્થાઓ આ ટુર્નામેન્ટમાં ભાગ લે છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

### ➤ સુશ્રી આહના કુમરાને સતત બીજી વખત દાદા સાહેબ ફાળકે પુરસ્કાર એનાયત

બોલિવુડના પ્રસિદ્ધ અભિનેત્રી સુશ્રી આહના કુમરાને તાજેતરમાં સતત બીજા વર્ષે 'દાદા સાહેબ ફાળકે એક્સેલન્સ એવોર્ડ ફોર ઈમર્જિંગ ટેલેન્ટ ઓફ ધ યર' પુરસ્કાર એનાયત થયો છે. સુશ્રી આયના કુમરા 'લિપસ્ટિક અંડર માય બુર્કા' નામની ફિલ્મથી ચર્ચામાં આવ્યા હતા.

### ➤ ચીનથી દૂધ પ્રોડક્ટની આયાત પર પ્રતિબંધની મુદતમાં વધારો

તાજેતરમાં કેન્દ્ર સરકારે ભારતમાં ચીનથી આયાત થતી દૂધ પ્રોડક્ટો પર પ્રતિબંધની મુદત અનિશ્ચિતકાળ સુધી વધારી દીધી છે. જ્યાં સુધી ભારતના બંદરો પર આવેલી પ્રયોગશાળાઓમાં ઝેરી રસાયણ મેલામીનના પરીક્ષણની વ્યવસ્થા ઉપલબ્ધ ન થાય ત્યાં સુધી આ પ્રતિબંધ ચાલુ રહેશે.

### ➤ RBIએ NHB અને NABARDનો પોતાનો હિસ્સો કેન્દ્ર સરકારને વેચ્યો

રિઝર્વ બેન્ક ઓફ ઈન્ડિયા (RBI) એ તાજેતરમાં National Housing Bank (NHB) અને National Bank for Agriculture & Rural Development (NABARD)માંનો તેના ભાગનો સંપૂર્ણ હિસ્સો કેન્દ્ર સરકારને વેચી દીધો છે. આ સાથે જ આ બંને સંસ્થાઓમાં કેન્દ્ર સરકારનો હિસ્સો 100 ટકા થઈ ગયો છે. નરસિમ્હન સમિતી-IIની ભલામણોને આધારે RBIએ કેન્દ્ર સરકારને પોતાનો હિસ્સો વેચ્યો છે.

## ➤ મદ્રાસ હાઈકોર્ટે 'ટિકટોક' પરનો પ્રતિબંધ હટાવ્યો

મદ્રાસ હાઈકોર્ટે 'ટિકટોક એપ' પર મૂકેલો પ્રતિબંધ હટાવી લીધો છે. આ એપ પર ન્યૂડ અને વાંધાજનક કન્ટેન્ટ અપલોડ ન કરવાની શરતે આ પ્રતિબંધ હટાવવામાં આવ્યો છે.

## ➤ શ્રી સલીમ ખાનને દીનાનાથ મંગેશકર પુરસ્કાર 2019 એનાયત

ભારતમાં હિન્દી ફિલ્મોના પ્રસિદ્ધ લેખક શ્રી સલીમ ખાનને વર્ષ 2019નો શ્રી દીનાનાથ મંગેશકર લાઈફટાઈમ અચીવમેન્ટ એવોર્ડ એનાયત થયો છે. શ્રી સલીમ ખાનને રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ (RSS)ના સરસંઘચાલક શ્રી મોહન ભાગવતના હસ્તે આ પુરસ્કાર એનાયત થયો હતો.

## ➤ શ્રી દલબીર સિંહ સુહાગની સેશેલ્સના હાઈ કમિશનર તરીકે નિમણૂક

ભારતીય સેનાના પૂર્વ વડા શ્રી દલબીર સિંહ સુહાગની સેશેલ્સમાં ભારતના નવા હાઈ કમિશનર તરીકે નિમણૂક કરવામાં આવી છે. સેશેલ્સ એ હિંદ મહાસાગરમાં ભારત માટે સામરિક દષ્ટિએ ખૂબ જ મહત્ત્વનો દેશ છે.

## ➤ શ્રી જયદીપ સરકારની દક્ષિણ આફ્રિકાના હાઈ કમિશનર તરીકે નિમણૂક

1987ની બેચના IFS ઓફિસર શ્રી જયદીપ સરકારની દક્ષિણ આફ્રિકામાં ભારતના નવા હાઈ કમિશનર તરીકે નિમણૂક કરવામાં આવી છે. શ્રી જયદીપ સરકાર વર્તમાનમાં ભૂટાનમાં ભારતના રાજદૂત છે.

# વિશ્વ

## ➤ શનિના ચંદ્ર ટાઈટન પર મિથેનના તળાવની શોધ

અમેરિકાની અવકાશ સંસ્થા નાસા દ્વારા જાહેર કરવામાં આવેલી માહિતી અનુસાર શનિના સૌથી મોટા ચંદ્ર ટાઈટન પર મિથેનના 100 મીટરથી વધુ ઊંડા નાના તળાવો છે. નાસાના કેસિની નામના અવકાશ યાનની મદદથી મળેલી માહિતીને આધારે વૈજ્ઞાનિકોને આ જાણકારી મળી છે.

## ➤ નાસા દ્વારા મંગળ પર પ્રથમ વખત ભૂકંપની નોંધ કરવામાં આવી

નાસા દ્વારા લોન્ચ કરવામાં આવેલા રોબોટિક લેન્ડર 'ઈનસાઈટ' દ્વારા તાજેતરમાં પ્રથમ વખત મંગળ પર ભૂકંપની નોંધ કરવામાં આવી છે. જોકે 'ઈનસાઈટ'ના ભૂકંપમાપક યંત્રમાં નોંધાયેલા આ હલનચલનના ચોક્કસ કારણ અંગે વૈજ્ઞાનિકો હાલ તપાસ કરી રહ્યા છે.

## ICE Questions

- IPLમાં 500 ચોગ્ગા ફટકારનાર પ્રથમ બેટ્સમેનનું નામ શું છે ? – શ્રી શિખર ધવન
- સંતોષ ટ્રોફી 2018-19 વિજેતા ટીમનું નામ શું છે ? – સર્વિસેઝ
- 'સંતોષ ટ્રોફી' કઈ રમત સાથે સંકળાયેલી છે ? – ફૂટબોલ
- વર્ષ 2018 બાદ વર્ષ 2019માં પણ સતત બીજી વખત 'દાદા સાહેબ ફાળકે એક્સેલન્સ એવોર્ડ ફોર ઈમર્જિંગ ટેલેન્ટ ઓફ ધ યર' વિજેતા અભિનેત્રીનું નામ શું છે ? – સુશ્રી આહના કુમરા
- તાજેતરમાં ભારતે કયા દેશમાંથી આયાત થતી દૂધની પ્રોડક્ટ પરનો પ્રતિબંધ અનિશ્ચિતકાળની મુદત સુધી લંબાવ્યો છે ? – ચીન
- RBIએ તાજેતરમાં કઈ બે નાણાકીય સંસ્થાઓમાંનો પોતાનો સંપૂર્ણ હિસ્સો કેન્દ્ર સરકારને વેચી દીધો છે ? – NHB અને NABARD
- કઈ સમિતિની ભલામણોને આધારે RBIએ તાજેતરમાં NHB અને NABARDમાંનો પોતાનો સંપૂર્ણ હિસ્સો કેન્દ્ર સરકારને વેચી દીધો છે ? – નરસિમ્હન સમિતિ-II
- મદ્રાસ હાઈકોર્ટે તાજેતરમાં કઈ મોબાઈલ એપ પરનો પ્રતિબંધ હટાવી લીધો છે ? – ટિકટોક
- શ્રી દીનાનાથ મંગેશકર લાઈફટાઈમ અચીવમેન્ટ પુરસ્કાર 2019 વિજેતા મહાનુભાવનું નામ શું છે ? – શ્રી સલીમ ખાન
- સેશેલ્સમાં ભારતના નવા હાઈ કમિશનર તરીકે તાજેતરમાં કોની નિમણૂક કરવામાં આવી છે ? – શ્રી દલબીર સિંહ સુહાગ
- શ્રી જયદીપ સરકારની તાજેતરમાં કયા દેશમાં ભારતના નવા હાઈ કમિશનર તરીકે નિમણૂક કરવામાં આવી છે ? – દક્ષિણ આફ્રિકા
- તાજેતરમાં નાસા દ્વારા સૂર્યમંડળના કયા ગ્રહના કયા ચંદ્ર પર મિથેનના તળાવની શોધ કરવામાં આવી છે ? – શનિના ટાઈટન નામના ચંદ્ર પર
- નાસા દ્વારા તાજેતરમાં સૂર્યમંડળના કયા ગ્રહ પર સૌપ્રથમ વખત ભૂકંપની નોંધ કરવામાં આવી છે ? – મંગળ
- નાસા દ્વારા તાજેતરમાં કયા લેન્ડરની મદદથી મંગળ પર સૌપ્રથમ વખત ભૂકંપની નોંધ કરવામાં આવી છે ? – ઈનસાઈટ

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

દરેક પ્રકારની સ્પર્ધાત્મક પરીક્ષા માટે ઉપયોગી ફ્રી ઓનલાઈન મટીરિયલ્સની માહિતી માટે icerajkot PAGE LIKE કરો.

FACEBOOK
icerajkot

આ મેગેઝિન ફ્રી મેળવવા માટે અમારી નવી AUTHENTIC TELEGRAM CHANNEL

(t.me / icerajkotofficial)
આજે જ JOIN કરો.




## ALL TYPE OF COMPETITIVE EXAMS

| | | | |
|---|---|---|---|
| GPSC | SBI | PSI | TALATI |
| UPSC | PO | PI | Dy. S.O. |
| IBPS | CLERK | CONSTABLE | Dy. MAMLATDAR |

- સ્પર્ધાત્મક પરીક્ષાના નિષ્ણાતો દ્વારા અભ્યાસ.
- ગણિત, ENGLISH, ગુજરાતી અને સામાન્ય જ્ઞાનની સર્વગ્રાહી સફળ ફોર્મ્યુલા.
- પૂર્ણ સંભાવના ધરાવતા પ્રશ્નો સાથે તૈયારી.
- જરૂરી અને મર્યાદિત વાંચનના માધ્યમથી પરીક્ષાલક્ષી અને પરિણામલક્ષી તૈયારી.
- વ્યૂહાત્મક તૈયારી માટે અલ્ટ્રાપ્લાનિંગ.
- અનુભવી નિષ્ણાતો દ્વારા તૈયાર થયેલું ટુ ધી પોઈન્ટ અપડેટેડ સ્ટડી મટીરિયલ્સ.
- સ્માર્ટ વર્ક અને સમજણ શક્તિના સમન્વયથી અભ્યાસ.